Government Arts College, Kaparada
સરકારી વિનયન કોલેજ, કપરાડા
મુ.પો.- કપરાડા નિશાળ ફળિયા પાણીની ટાંકી પાસે તા.- કપરાડા જી.- વલસાડ, પિનકોડ નં. ૩૯૬ ૦૬૭
સ્થાપના વર્ષ ૨૦૧૨ ઇ-મેઇલ : gackaparada@gmail.com, URL: www.kaparadacollege.org

GACK/2023/ આઉટ/કા અમૃત મહોત્સવ/174 DATE: 26/08/2023

સરકારી વિનયન કોલેજ
કપરાડા. જી.વલસાડ.
આવક નં. 174
તારીખ 26/08/2023

## અહેવાલ

આપણો દેશ " આઝાદી કા અમૃત મહોત્સવ" કાર્યક્રમ વિવિધ સ્વરૂપે મનાવી રહેલ છે. તે હેતુસર "અમૃત મહોત્સવ પર યુવા સંકલ્પ – શ્રેષ્ઠ ભારત કે પાંચ પ્રકલ્પ" યોજના શરૂ કરેલ છે. આ પંચ પ્રકલ્પ અંતર્ગત "ગૌ આધારિત પ્રાકૃતિક ખેતી" નો જન જાગૃતિ કાર્યક્રમ પ્રાચાર્યશ્રી ડૉ. ડી.એન. દેવરીના માર્ગદર્શન હેઠળ, આ પ્રકલ્પના કન્વીનરશ્રી પ્રા. એમ.પી.પટેલના નેતૃત્વમાં આજ રોજ તા. ૨૬/૦૮/૨૦૨૩ ને શનિવારે કપરાડા તાલુકાના માંડવા મુકામે રાખવામાં આવેલ.

સરકારી વિનયન કૉલેજ, કપરાડાના અધ્યાપકશ્રી પ્રા. એમ.પી.પટેલે સૌ પ્રથમ ઉપસ્થિત સૌનું શાબ્દિક સ્વાગત કરી, પોતાની કૉલેજનો પરિચય આપી, કૉલેજ ખાતે કઈ કઈ પ્રવૃત્તિઓ થાય છે તેની માહિતી આપી. અને આજના સમયે પ્રાકૃતિક ખેતી તરફ વળવું જોઈએ, તેની વાત કરી.

આજના ચર્ચાસભાની શરૂઆતમાં ગૌ આધારિત પ્રાકૃતિક ખેતીના માસ્ટર ટ્રેનર્સ અને માંડવા ગામના વતની એવા શ્રી ધર્માભાઈ પસાર્યાએ ગૌ આધારિત પ્રાકૃતિક ખેતીની વિસ્તૃત સમજ આપી. ગૌ આધારિત પ્રાકૃતિક ખેતીથી જમીનની ફળદ્રુપતા ટકી રહેશે અને પાણીની પણ બચત થશે તેમ જણાવેલ. રોજબરોજના જીવનમાં જરૂર પડતી શાકભાજી જાતે ઉગાડી અને તેમાં રાસાયણિક ખાતરનો ઉપયોગ ન કરી માત્ર છાણીયા ખાતરનો ઉપયોગ કરવા જણાવેલ.

સરકારી વિનયન કૉલેજ, કપરાડાના પ્રાચાર્યશ્રી ડૉ. ડી.એન. દેવરી સાહેબે પ્રસંગોચિત વ્યાખ્યાન આપ્યું હતું. તેમણે જણાવ્યું કે, આ કાર્યક્રમ ખાસ કરીને ગ્રામજનો માટે છે, છતાં એમાં વિદ્યાર્થીઓને પણ બોલાવવામાં આવ્યા છે, એનું કારણ એ છે કે, આ વિદ્યાર્થીઓ અલગ અલગ ગામના છે, જેથી કરીને તેઓ આ સંદેશ એમના ગામ સુધી પહોંચાડશે. તેમણે બૂટકેમ્પમાં ભાગ લઈ, સમગ્ર ગુજરાતમાં તૃતીય ક્રમ પ્રાપ્ત કરનાર સોનાર મિતેષ અને ભસરા રાહુલનું નામ લઈ ઈનોવેશન ક્લબના કૉ-ઓર્ડીનેટર પ્રા. એમ.પી.પટેલને સૌએ ઊભા થઈ અભિનંદન પાઠવ્યા હતા.

Govt. Arts College-Kaparada * Dist. Valsad *

તેમણે સૌ ગ્રામજનોને જણાવેલ કે, કૉલેજની દરેક શૈક્ષણિક અને શિક્ષણેતર પ્રવૃત્તિ, નિયમિત વર્ગો જીપીએસસી વર્ગ-૨ ના અધિકારીશ્રી દ્વારા ભણાવવામાં આવે છે, જેથી પ્રશાસનિક અને શૈક્ષણિક કૌશલ્ય વિદ્યાર્થીઓમાં આપોઆપ વિકસે છે. નવી શિક્ષણનીતિ દ્વારા શિક્ષણકાર્ય ૪૦% અને Placement, NSS, SSIP, ફિનિશિંગ, રમત ગમત, સપ્તધારા અને આજે જે પ્રવૃત્તિ કરી રહ્યા છે એવી પ્રવૃત્તિને ૬૦% ભાર મૂકવામાં આવ્યો છે. આચાર્યશ્રીએ વધુમાં જણાવ્યું કે, આપણી કૉલેજ ઉત્તરોત્તર પ્રગતિ તરફ જઈ રહી છે. ઉપસ્થિત સૌ વિદ્યાર્થીઓ, ગ્રામજનો, સરપંચશ્રી, ગ્રામસેવક, બાયફ કપરાડાથી પધારેલ શ્રી જીતિન સાઠે સાહેબ, હેમંતભાઇ પટેલને  આવકારી આભાર પણ પ્રગટ કર્યો હતો.

આજના "ગૌ આધારિત પ્રાકૃતિક ખેતી" કાર્યક્રમના મુખ્ય વક્તા શ્રી જીતિન સાઠે સાહેબ (ACPE, બાયફ, કપરાડા) એ વિસ્તારપૂર્વક માહિતી આપી હતી. તેમણે જણાવ્યું કે, આપણે પ્રાકૃતિક ખેતી ત્યારે જ કરી શકીશું જયારે આપણે આપણી માટીને સાચવીશું, માટીના સંરક્ષણ પર ભાર આપતા તેમણે કહ્યું કે આજે આપણે યુરીયા જેવા ખાતરનો ઉપયોગ વધુ પ્રમાણમાં કરી રહ્યા છે. આ યુરીયા  ખાતર આપણે જો  હાથમાં થોડા સમય માટે રાખીયે તો હાથ લાલ થઈ જાય છે તેમજ દસથી પંદર મિનિટ સુધી મુઠ્ઠીમાં રાખીએ અને મુઠ્ઠી જો બંધ કરી દઈએ તો મુઠ્ઠીમાં છીદ્ર થઈ જાય છે, એટલું ઘાતક છે. લાખો બેકટેરીયા  જમીનમાં પડેલા પાંદડાને ડીકમ્પોજ કરી ખાતરમાં પરિવર્તિત કરે છે. પણ યુરીયા  ખાતર આ લાખો બેકટેરીયાનો નાશ કરી દે છે. જેથી પાંદડા ડીકમ્પોજ થઈ શકતા નથી. રાસાયણિક ખાતરના કારણે જમીન લાલ થઈ મરી જાય છે અને તે લાંબાગાળે કોઈ પણ પાક માટે નકામી થતી જાય છે.

જમીનની સાથે સાથે તેમણે જંગલ સંરક્ષણની પણ વાત કરી. જંગલને આપણે સાચવવાનું છે, તેને બળવા દેવું જોઈએ નહી એ વાત ભારપૂર્વક જણાવી. ડાંગ, વલસાડ જેવા જિલ્લાઓમાં આ જંગલના કારણે જ વરસાદ સારો આવે છે. ઘરે કીચન ગાર્ડન બનાવવો જોઈએ. ઘરની શાકભાજી ઘરે જ ઉગાડી, તેનો ઉપયોગ કરવો જોઈએ જેથી આપણું સ્વાસ્થ્ય સારું રહે. તેમણે ગ્રીનહાઉસની ખેતી શરૂ કરવા માટે પણ પહેલ કરી. દેશી ગાય, બકરા પાલન કરવું જોઈએ અને તેના ખાતરનો, ગૌમૂત્રનો ઉપયોગ ખેતીમાં કરવો જોઈએ એમ કહ્યું. તેમણે ગ્રામજનોને ફૂલની ખેતી કરવા અને ઓછા પાણીએ થતી નાગલીની ખેતી કરવા પણ જણાવેલ. વધુમાં તેઓએ જણાવ્યું કે બાયફ સંસ્થા દ્વારા પ્રાકૃતિક ખેતી માટે વિવિધ પ્રોજેક્ટ કરી રહી છે, તેનો સૌએ લાભ લેવાનો છે. બાયફ સંસ્થાની મુલાકાત કરી તેનો મહત્તમ લાભ લઈ પ્રાકૃતિક ખેતી તરફ વળવા સંદેશો આપ્યો.

Govt. Arts College-Kaparada * Dist. Valsad

નિવૃત્ત આચાર્યશ્રી મંછુભાઈ ધૂમે પોતાના ઘરે બનાવેલ કીચન ગાર્ડનની વાત કરી, લોકોને એ માટે પહેલ પણ કરી. તેમણે જણાવેલ કે આજે વિવિધ પ્રકારની બિમારીઓ આવી રહી છે તેનું કારણ ખેતીમાં થતા રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓ છે. ઘરે દેશી ગાયનું પાલન કરવું જોઈએ. આ માટે સરકારશ્રી દ્વારા એક ગાયના પાલન માટે વાર્ષિક ૧૦૮૦૦/- રૂપિયાની સહાય પણ આપવામાં આવે છે, તેનો લાભ દરેક ગ્રામજનોએ લેવો જોઈએ. તેમજ આંબાની કલમ ૫ -૫ ફૂટ પર વાવવાની વાત પણ કરી.

બાયફ કાપરાડાથી આવેલ હેમંતભાઈ પટેલે ખાસ કરીને ઓર્ગેનિક ખેતી પર ભાર આપી, જે તે પાકની મહત્તમ કિંમત પ્રાપ્ત કરી શકાય છે એમ જણાવેલ.

આ કાર્યક્રમમાં કૉલેજના પ્રાચાર્યશ્રી ડૉ. ડી.એન. દેવરી સાહેબ, પંચ પ્રકલ્પના કૉ-ઓર્ડીનેટર શ્રી સંદિપભાઈ ટંડેલ, આઉટ્સોર્સિંગના કર્મચારી અનિતાબહેન, ૨૧ વિદ્યાર્થી ભાઈઓ-બહેનો તેમજ ગામના સરપંચ શ્રી દશમાભાઈ મંછુભાઈ, ગ્રામ સેવક શ્રી રણજીતભાઈ ભોયા, માસ્ટર ટ્રેનર શ્રી ધર્માભાઈ પસાર્યા, માંડવા ગામના અગ્રણી નાગરિક અને નિવૃત્ત આચાર્યશ્રી મંછુભાઈ ધૂમ, ગ્રામ પંચાયત સભ્યશ્રી સહિત ૫૩ ભાઈઓ અને બહેનો હાજર રહ્યા. વિશેષમાં બાયફ કાપરાડાથી શ્રી જીતિન સાઠે સાહેબ અને હેમંતભાઈ પટેલ હાજર રહ્યા હતા. અંતે પ્રા. એમ.પી.પટેલે સૌનો આભાર માની કાર્યક્રમ પૂર્ણ જાહેર કરવામાં આવ્યો.

Govt. Arts College-Kaprada * Dist. Valsad *

28/08/2023

Principal,
Govt. Arts College Kaprada
Ta. Kaprada, Dist. Valsad.